# અસામાન્ય પરિસ્થિતિઓમાં આત્મનિર્ભરતાનું વિઝન : મોદી

### બજેટના હૃદયમાં ગામ-ખેડૂત છે : કૃષિ ક્ષેત્રને મજબૂતી આપવા, ખેડૂતોની આવક વધારવા માટે ઘણું જોર અપાયું

નવી દિલ્હી, તા. ૧

નાણાં મંત્રી નિર્મલા સીતારમને આજે બજેટ રજૂ કર્યો. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં કહ્યું કે, વર્ષ ૨૦૨૧નું બજેટ અસામાન્ય પરિસ્થિતિઓ વચ્ચે રજૂ કરવામાં આવ્યું છે. આમાં દેશમાં કૃષિ ક્ષેત્રને મજબૂતી આપવા માટે, ખેડૂતોની આવક વધારવા માટે ઘણું જોર આપવામાં આવ્યું છે. ખેડૂતોને સરળતાથી વધુ લોન મળી શકશે. દેશની મંડીઓને વધુ મજબૂત કરવા માટે જોગવાઈ કરાઈ છે. આ તમામ નિર્ણય બતાવે છે કે, આ બજેટના હૃદયમાં ગામ અને ખેડૂત છે.

પીએમ મોદીએ કહ્યું કે, કોરોનાને લીધે કેટલાક એક્સપર્ટ એવું માની રહ્યાં હતાં કે, સરકાર નાગરિકો પર બોજો વધારશે. પરંતુ સરકારે બજેટનું કદ વધારવા પર જોર આપ્યો. આજના બજેટમાં આત્મનિર્ભરતાનું વિઝન પણ છે અને દરેક વર્ગનો સમાવેશ પણ કરાયો છે. અમે આમાં ગ્રોથ માટે નવી સંભાવનાઓનું વિસ્તરણ કરવું, યુવાઓ માટે નવી તકોનું સર્જન કરવું, માનવ સંસાધનને નવી ઊંચાઈ આપવી, વગેરે સિદ્ધાંતોને લઈને ચાલ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, આ બજેટમાં એમએસએમઈ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ જોર આપવામાં આવ્યું છે. આ બજેટ જેવી રીતે હેલ્થ કેર પર કેન્દ્રિત છે, તે પણ અનોખું છે. આ બજેટમાં દક્ષિણના રાજ્યો, પૂર્વોત્તરના રાજ્યો, ઉત્તરમાં લેહ-લદ્દાખ જેવા વિસ્તારોમાં વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવીને સામાન્ય લોકોના જીવનમાં ઈઝ ઓફ લિવિંગને વધારવા પર જોર આપવામાં આવ્યું છે. આ બજેટ ઈન્ડસ્ટ્રી, ઈન્વેસ્ટર્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ખૂબ જ હકારાત્મક બદલાવ લાવશે.

## ભારતમાં ૧૦૦ નવી સૈન્ય શાળા, હાયર એજ્યુકેશન કમિશન બનશે

નવી દિલ્હી, તા. ૧

નાણામંત્રી નિર્મલા સીતારામણે ૨૦૨૧-૨૨ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રને લગતી ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. નાણાં પ્રધાને કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિને દિલથી સ્વીકારવામાં આવી છે. તેમણે કહ્યું કે ૧૦૦ નવી સૈન્ય શાળાઓ બનાવવામાં આવશે. આ માટે ખાનગી ક્ષેત્રની મદદ લેવામાં આવશે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં હાયર એજ્યુકેશન કમિશન બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ માટે કાયદામાં સુધારો કરવામાં આવશે. નાણામંત્રી સીતારામણે લદ્દાખના લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટી બનાવવાની પણ જાહેરાત કરી છે.

નાણામંત્રીએ કહ્યું કે આદિજાતિ વિસ્તારોમાં ૭૫૮ એકલવ્ય શાળાઓ બનાવવામાં આવશે. નિર્મલા સીતારામણે કહ્યું કે એક સ્કૂલ પર ૩૮ કરોડનો ખર્ચ થશે. તેમણે વધુમાં કહ્યું કે અનુસૂચિત જાતિ માટે ૩૫ હજાર કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવ્યા. તેમણે કહ્યું કે આમાંથી ૪ કરોડ વિદ્યાર્થીઓએ લાભ લીધો.

આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ કેટલાક સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. જેમાં ૧૫ હજાર સ્કૂલોને નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ આધુનિક બનાવવાનો પ્રસ્તાવ પણ સામેલ છે. આ ઉપરાંત, દેશમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલો ખોલવાનો પણ સરકારે ઈરાદો વ્યક્ત કર્યો છે.

સરકારે આ વખતના બજેટમાં આરોગ્ય સેવાઓ પાછળ થતાં ખર્ચને વધાર્યો છે, અને ૩૫ હજાર કરોડ રુપિયા કોરોના વેક્સિનેશન માટે ફાળવવામાં આવ્યા છે.

## ગરીબોને ઠેંગો, મૂડીપતિ દોસ્તોને દેશની સંપત્તીની ભેટ : રાહુલ

### કેન્દ્રીય બજેટ પર કોંગ્રેસના નેતાએ નિરાશા વ્યક્ત કરી : ગરીબોના હાથમાં રોકડની આપવાની કોઈ જોગવાઈ નથી, ખેડૂતો, મજૂરોને રોજગારની જોગવાઈ કરવી જરૂરી : ગાંધી

નવી દિલ્હી, તા. ૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય બજેટ ૨૦૨૧ પર નિરાશા વ્યક્ત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, આ બજેટમાં ગરીબો માટે કંઈ નથી. તેમણે કહ્યું કે, ગરીબોના હાથમાં રોકડની વાત તો ભૂલી જ જાઓ. નરેન્દ્ર મોદી સરકાર પોતાના મૂડીપતિ દોસ્તોના હાથમાં દેશની સંપત્તિ સોંપવાની યોજના બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી અનેકવાર સરકારને ગરીબોના હાથમાં સીધી રોકડ ટ્રાન્સફરની માગ કરતા આવ્યા છે. કોરોના મહામારીના સમયે પણ રાહુલ ગાંધીએ આ માગ કરી હતી.

રાહુલ ગાંધીનો તર્ક છે કે જો ગરીબોના હાથમાં પૈસા આવશે તો ખર્ચ કરી શકશે અને જો ખર્ચ કરશે તો ઈકોનોમીને ગતિ મળશે. આ વખતે બજેટમાં સરકારે એવી કોઈ યોજનાની જાહેરાત નથી કરી. આ બજેટમાં કેન્દ્ર સરકારે અનેક પીએસયુ, વીમા, રેલવે સેક્ટર, બેંક ડિસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય કર્યો છે. સરકારને આશા છે કે આનાથી સરકારને રૂપિયા મળશે, જેનો ઉપયોગ સરકારી યોજનાઓમાં કરવામાં આવશે. રાહુલ ગાંધીએ બજેટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ગરીબોના હાથમાં રોકડ આપવાની વાત તો ભૂલી જ જાઓ, મોદી સરકાર ભારતની સંપત્તિને પોતાના મૂડીપતિ દોસ્તોને હેન્ડઓવર કરવાની તૈયારી કરી રહી છે.

બજેટ રજૂ થયા પહેલા રાહુલ ગાંધીએ કહ્યું હતુ કે, આ બજેટમાં સરકારે ખેડૂતો, મજૂરોને રોજગાર આપવાની જોગવાઈ કરવી જોઈએ. મધ્યમ ઉદ્યોગોને મદદ મળવી જોઈએ જેથી નવી નોકરીઓ પેદા થઈ શકે છે. લોકોના જીવ બચી શકે તે માટે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં ખર્ચા વધારવા જોઈએ. આ ઉપરાંત સરકારે સંરક્ષણ ક્ષેત્રે ખર્ચ વધારવો જોઈએ.

## પ્રથમ ડિજિટલ વસતી ગણતરી માટે બજેટમાં ૩,૭૨૬ કરોડ

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારમને સંસદમાં રજૂ કરેલા બજેટમાં આગામી વસ્તી ગણતરી માટે રૂ. ૩,૭૨૬ કરોડની જોગવાઈ કરી છે. આગામી સેન્સસ દેશનું સૌપ્રથમ ડિજિટલ સેન્સસ હશે તેમ નાણાં મંત્રીએ લોકસભામાં બજેટ રજૂ કરતા જણાવ્યું હતું. નિર્મલા સિતારમને બજેટ સ્પીચમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ભાષા અનુવાદની પહેલ ઉપર પણ કામ કરી રહી છે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષ માટે રૂ. ૪,૦૦૦ કરોડના ખર્ચે ડીપ ઓસન મિશન પણ હાથ ધરાશે. કેન્દ્રીય બજેટમાં સિતારમને વધુમાં ઉમેર્યુ હતું કે કરાર સંલગ્ન વિવાદોને ઉકેલવા સમાધાનકારી પદ્ધતિ સહિતના પગલાં પણ લેવાશે. કેન્દ્ર સરકાર નેશનલ નર્સિંગ અને મિડવાઈફરી કમિશન બિલનો પણ પ્રસ્તાવ લાવશે.

કેન્દ્રીય બજેટમાં દેશમાં ડિજિટલ પેમેન્ટના ચલણને પ્રોત્સાહન આપવા રૂ. ૧,૫૦૦ કરોડની યોજનાની પણ જાહેરાત કરવામાં આવી છે.

નાણાં મંત્રીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયમાં ડિજિટલ પેમેન્ટમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ડિજિટલ પેમેન્ટને વધુ પ્રોત્સાહન આપવા માટે બજેટમાં રૂ. ૧,૫૦૦ કરોડની યોજનાનો પ્રસ્તાવ કરાયો છે જેને પગલે ડિજિટલ પેમેન્ટને વધુ આગળ બળ પુરું પાડી શકાશે. નાણા મંત્રીએ ઉમેર્યુ હતું કે તેમના ૨૦૧૯ના બજેટમાં નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપનાની દરખાસ્ત કરાઈ હતી. આ માટે જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને આગામી પાંચ વર્ષમાં રૂ. ૫૦,૦૦૦ કરોડનો ખર્ચ કરાશે. આ સંસ્થાની મદદથી દેશમાં સંશોધનને વેગ આપી શકાશે અને રાષ્ટ્રહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત રહેશે



સૌરાષ્ટ્રમાં 'બંડીવાળા સંત'' તરીકે જાણીતા બગદાણાના બાપા સીતારામ ઉર્ફે બજરંગદાસ મહારાજની જન્મ જયંતિની પાટનગરમાં ઉજવણી કરાઈ હતી. સેક્ટર-૨૧માં બનાવેલા બાપાના મંદિરમાં આ પ્રસંગે અન્નકૂટ ધરાવી પૂજા કરવામાં આવી હતી.

## લાયન્સ કલબ-બાયડના "મેડીકલ સાધન સેવા કેન્દ્ર'' કાયમી પ્રોજેક્ટનું ડી.જી.ના હસ્તે લોકાર્પણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં લોકસેવાના કામ કરતી લાયન્સ કલબ-બાયડની સ્થાપનાના



૩૦ વર્ષ પૂર્ણ થતાં તેની યાદ ચિરસ્થાયી રહે તે માટે પ્રમુખ સમીરભાઈ મિરઝાએ તેમના પિતા મર્હુમ લાયન હાજી દશુબેગ હાજી ઉસ્માનબેગ મિરઝાના સ્મરણાર્થે લાયન્સ કલબ-બાયડ માટે કાયમી પ્રોજેક્ટ મેડીકલ સાધન સેવા કેન્દ્ર શરૂ કર્યો છે જેનું લોકાર્પણ ડિસ્ટ્રીક્ટ ગવર્નર નરેન્દ્ર પટેલ અને કેબિનેટ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તા.૩૧ જાન્યુઆરીએ બાયડમાં યોજાઈ ગયું. લાયન્સ કલબ-બાયડની સેવાકીય પ્રવૃત્તિઓને જાહેરમાં બિરદાવી સમગ્ર ડીસ્ટ્રીક્ટમાં લાયન્સ કલબ-બાયડ સેવા કાર્ય કરનારી સર્વોત્તમ કલબ હોવાનું જણાવ્યું હતું. લાયન્સ કલબ-બાયડના ચાર્ટડ-ડેમાં સેવાના દૂત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબ-બાયડના સ્થાપક પ્રમુખ ડૉ.બી.સી.શાહનું ખાસ અભિવાદન થયું હતું.

કોરોનાના કપરા કાળ પછી પ્રજાની હાલત કફોડી થઈ છે. આવા સમયે ગરીબ પરિવારમાં કોઈ માંદગી આવી જાય કે પછી અકસ્માતના કિસ્સાઓમાં સારવાર પછી જરૂરી સાધનની જરૂરીયાત ઉભી થાય ત્યારે પરિવારો મુશ્કેલીમાં મૂકાતા હોય છે ત્યારે લાયન્સ કલબ-બાયડના ડાયનેમીક પ્રમુખ સમીરભાઈ મિરઝાએ લાયન્સ કલબ-બાયડને વધુ એક કાયમી પ્રોજેક્ટનું સંભારણું આપ્યું હતું. તાલુકામાં કોઈપણ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા પછી જરૂરી યાંત્રિક સામગ્રીની જરૂરીયાત ઉભી થાય તો ચોક્કસ નિયમોને આધિન મેડીકલ સાધન તેમને આપવાનો નિર્ણય કરી કાયમી પ્રોજેક્ટ બાયડ તાલુકાની પ્રજાને અર્પણ કર્યો હતો. કાર્યક્રમમાં ડીસ્ટ્રીક્ટ ગવર્નર ઉપરાંત રીજીયન ચેરમેન અતુલભાઈ જોષી, ડીસ્ટ્રીક્ટ ચેરમેન શૈલેષભાઈ શાહ, કમલેશભાઈ પટેલ સહિત લાયન્સ-લીઓ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ અને સભ્યો હાજર રહ્યા હતા. લાયન્સ કલબ-બાયડ દ્વારા નવા ૧૯ સભ્યોનો ઉમેરો કરાતાં લાયન્સ કલબ-બાયડને ખાસ મેરીટ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. લાયન્સ કલબ-બાયડના સેક્રેટરી કાન્તિભાઈ રાઠી, લીઓ કલબ-બાયડના પ્રમુખ કથન પટેલે વર્ષ દરમ્યાનની સેવાઓનો અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે લાયન્સ કલબ-બાયડના ઉત્સાહી પ્રમુખ સમીરભાઈ મિરઝાએ લાયન્સ કલબ થકી થયેલી સેવાઓ અને કેટલા લોકોએ તેનો લાભ લીધો તેની વિગતો ડીસ્ટ્રીક્ટને જણાવી હતી. કાર્યક્રમનું સંચાલન લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ ડૉ.એમ. બી.પટેલ તથા તેમના સહયોગી દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલનપુરના નાયબ મામલતદારને ગડદાપાટુનો માર માર્યો

પાલનપુર તાલુકાના લાલાવાડા ગામે નાયબ મામલતદારને કુંટુંબી કાકા સહિતનાએ માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગઈકાલે બપોરે પોતાના વતને ગયેલા નાયબ મામલતદારને જોઇ કુટુંબીઓ ઉશ્કેરાઇ ગયા હતા. જ્યાં તુ અહીં કેમ આવ્યો છે ? કહીને ગાળાગાળી કરી હતી. જે બાદમાં ફરીયાદીએ કહેલ કે, મારે મકાનનું કામ ચાલુ કરવાનું હોઈ આવેલ છુ. જેથી આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ પહેલાં જુના મકાનનો હિસાબ કરવાનું કહી માર માર્યો હતો. આ સાથે જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હોવાનું પણ ફરીયાદમાં લખાવ્યુ છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં જીલ્લા આયોજન કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં જગદિશભાઈ ડાભી ગઈકાલે તેમના વતન લાલાવાડા ગામે ગયા હતા. જ્યાં તેમના કાકાએ કહેલ કે, કેમ તું અહીં આવેલ છે, જેથી ફરીયાદીએ કહેલ કે, મારે મકાનનું કામ શરૂ કરવાનું છે. આ વાતચીત દરમ્યાન તેમના કાકાએ જુના મકાનનો હીસાબ બાકી હોઈ તે કરવાનું કહી ગાળાગાળી કરી માર માર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, ફરીયાદી નાયબ મામલતદારે ગાળો બોલવાની ના પાડતાં તેમના કાકા સહિતનાઓ માર લાગ્યા હતા. આ સાથે નાકના ભાગે ઈંટ મારી ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. જે બાદમાં જગદિશભાઈએ તેમના ભાઈને બોલાવતાં તેમને પાલનપુર સારવાર અર્થે ખસેડાયા હતા. ઘટનાને લઈ જગદિશભાઈએ ગીતાબેન ધનવંતભાઈ ડાભી, મિતલબેન કાનજીભાઈ ડાભી, વિપુલભાઈ કાનજીભાઈ ડાભી અને કાનજીભાઈ દલાભાઈ ડાભી સામે ફરીયાદ દાખલ કરાવી છે. ઘટનાને લઈ પાલનપુર તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, અકસ્માત સર્જીને મારૂતિ ૮૦૦નો ચાલક કાર મુકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં મૃતકના ભાઈ સહિતના તાત્કાલિક દિયોદર સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા.

આ તરફ અકસ્માતમાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓને કારણે રાયમલભાઈનું મૃત્યુ થતાં પરિવારજનો શોકમગ્ન બની ગયા છે. ઘટનાને લઈ મૃતકના ભાઈ મગનભાઈએ ફરાર કારચાલક સામે ફરીયાદ નોંધાવી છે. જેને લઈ દિયોદર પોલીસે આરોપી સામે આઈપીસી ૨૭૯, ૩૦૪ એ અને મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અંદાજપત્રમાં ૬૪૦૦૦ કરોડની આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના

### નિર્માલા સીતારમણના બજેટની હાઈલાઈટ્સ

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારમને સંસદ ભવમાં ૧૧ વાગ્યે બજેટ સ્પીચ વાંચવાની શરૂઆત કરી. બજેટમાં અપેક્ષા મુજબ આરોગ્ય પર વધુ ભાર આપવામાં આવ્યો છે. નાણાં મંત્રીએ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની જાહેરાત કરી છે. આ યોજના પાછળ રૂ. ૬૪ હજાર કરોડથી વધુ ખર્ચ થશે તેમ બજેટ સ્પીચમાં સિતારમને જણાવ્યું છે.

- ૫-૭.૫ લાખ સુધીની આવકવાળા લોકોને હવે ૧૦ ટકા ટેક્સ આપવો પડશે
- ૧૫માં નાણાં પંચની ભલામણો કેન્દ્રે સ્વીકારી, રાજ્યોને કરનો ૪૧ ટકા હિસ્સો મળશેઃ સિતારમન
- ૨૦૨૫-૨૬ સુધીમાં કેન્દ્ર સરકાર ફિસ્કલ ડેફિસિટ જીડીપીના ૪.૫ ટકા સુધી નીચે લાવવા પ્રતિબદ્ધ
- નાણાકીય વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર વધુ રૂ. ૧૨ લાખ કરોડનું ઋણ લેશે, અંદાજીત ખર્ચ રૂ. ૩૪.૮૩ લાખ કરોડ રહેશે
- ચાલુ નાણાકીય વર્ષના બાકીના બે મહિનામાં કેન્દ્ર વધુ રૂ. ૮૦,૦૦૦ કરોડ મેળવશે
- ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ફિસ્કલ ડેફિસિટ જીડીપીના ૯.૫ ટકા રહેવાનો અંદાજ, આગામી વર્ષ માટે ફિસ્કલ ડેફિસિટ ૬.૮ ટકા રહેવાનું અનુમાન
- કોવિડ ૧૯ મહામારીને પગલે કેન્દ્રની આવકને ફટકો પડ્યો, ખર્ચ વધ્યોઃ નાણાં મંત્રી



- અફોર્ડેબલ હાઉસિંગ પરના વ્યાજમાં રાહત એક વર્ષ વધારાઈ
- ફેસલેસ ડિસ્પ્યુટ રિઝોલ્યુશન કમિટી બનાવશે
- સિનયર સિટીઝન ૭૫ વર્ષ માટે તેની ઉપર હવે ઈન્મક ટેકસ રિટર્ન ફાઈલ કરવામાં મુક્તિ
- આગામી વસતિ ગણતરી માટે રૂ. ૩,૭૨૬ કરોડની ફાળવણી કરાશે, સૌપ્રથમ ડિજિટલ વસતિ ગણતરી હાથ ધરાશે
- બજેટમાં ખેડૂતોને લઈને મોટી જાહેરાત, પેદાશની પડતરની દોઢ ગણી એમએસપી મળશે
- દેશમાં પાંચ મોટા ફિશિંગ હબ બનાવીશુ
- એમએસએમઈ માટે રૂ.૧૫,૭૦૦ કરોડની જોગવાઈ
- નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન માટે રૂ.૫૦,૦૦૦ કરોડનો ખર્ચ
- ડિજીટલ પેમેન્ટ પર રૂ.૧૫૦૦ કરોડના ઈન્સેટીવ આપવામાં આવશે
- ઈન્શ્યોરન્સમાં એફડીઆઈ મર્યાદા ૪૯% થી વધારીને ૭૪%
- નીતિ આયોગને વધુ જાહેર સાહસોમાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરવા યાદી તૈયાર કરવાની જવાબદારી સોંપાશેઃ નાણાં મંત્રી
- આગામી નાણાકીય વર્ષમાં ડિસઈન્વેસ્ટમેન્ટથી રૂ. ૧.૭૫ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક
- એલઆઈસીનો આઈપીઓ આગામી નાણાકીય વર્ષમાં લાવવાની કેન્દ્રની યોજના
- બીપીસીએલ, એર ઈન્ડિયા, શિપિંગ કોર્પ., કન્ટેઈનર કોર્પ સહિત અન્ય જાહેર એકમોમાં ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા પૂર્ણ કરાશે
- લઘુ એકમોની વ્યાખ્યામાં ફેરફાર કરીને કેપિટલ બેઝ અગાઉના ૫૦ લાખથી વધારીને ૨ કરોડ કરાશે
- રાજ્ય હસ્તકની બેક્રોમાં રૂ. ૨૦,૦૦૦ કરોડના ખર્ચે પુનઃમૂડીકરણ કરાશેઃ સિતારમન
- પીપીએ મોડથી રૂ. ૨,૦૦૦ કરોડમાં સાત નવા પોર્ટ સ્થાપવામાં આવશે
- વીજ ગ્રાહકને વિતરણ કંપની પસંદ કરવાનું માળખું રચવામાં આવશે
- શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહનને સુધારવા રૂ. ૧૮,૦૦૦ કરોડની જાહેરાત
- ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં બ્રોડગેજ રેલવે ટ્રેકનું ૧૦૦ ટકા વિદ્યુતિકરણ કરાશે
- મૂડી ખર્ચને પહોંચી વળવા રાજ્યો તેમજ સ્વાયત્ત સંસ્થાઓને રૂ. ૨ લાખ કરોડ પૂરા પાડવામાં આવશે
- કેરળમાં રોડ, હાઈવે પ્રોજેક્ટ માટે રૂ. ૬૫,૦૦૦ કરોડ ફાળવાશે, આસામને રૂ. ૩,૪૦૦ કરોડ
- ચાલુ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાનાર છે તેવા પશ્ચિમ બંગાળમાં રૂ. ૨૫,૦૦૦ કરોડના રોડ પ્રોજેક્ટની બજેટમાં જાહેરાત
- માર્ચ ૨૦૨૨ સુધીમાં રોડ કનેક્ટિવિટીનું માળખું સુધારવા ૮,૫૦૦ કિ.મીના રોડ, હાઈવે પ્રોજેક્ટ્સ ફાળવવાની બજેટમાં જાહેરાત
- નાણામંત્રીએ બજેટમાં આગામી નાણાકીય વર્ષ માટેનો મૂડી ખર્ચ વધારીને રૂ. ૫.૫૪ લાખ કરોડ કરવાની જાહેરાત કરી, અગાઉના વર્ષે બજેટમાં રૂ. ૪.૩૯ લાખ કરોડ ખર્ચનો અંદાજ હતો
- બ્રાઉનફીલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સ માટે નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન લોન્ચ કરાશે
- રેલવે ડેડિકેટેડ ફ્રેઈડ કોરિડોર દ્વારા નાણાં એકત્ર કરી શકશેઃ નાણાં મંત્રી
- રૂ. ૨૦,૦૦૦ કરોડના ખર્ચે સરકાર નાણાકીય સંસ્થાઓના વિકાસ માટેનું બિલ લાવશે
- જૂના વાહનોને પરત ખેંચવા માટે વોલન્ટરી સક્રેપ યોજના, ૨૦ વર્ષ જૂના પર્સનલ વાહનોને ફિટનેસ ટેસ્ટ કરાશે જ્યારે વ્યવસાયિક વાહનોનો ૧૫ વર્ષે થશે
- પીએલઆઈ યોજના ઉપરાંત ટેક્ષટાઈલ પાર્કમાં મેગા રોકાણ યોજનાની જાહેરાત કરાઈ
- રૂ. ૧.૯૭ લાખ કરોડના ખર્ચે ૫ વર્ષ માટે પીએલઆઈ સ્કીમની બજેટમાં જાહેરાત
- કેન્દ્ર સરકાર કોવિડ વેક્સિનેશન માટે રૂ. ૩૫,૦૦૦ કરોડ ફાળવશે, વધુ ભંડોળ ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધઃ સિતારમન
- ૧૫ હેલ્થ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર્સ શરૂ કરાશે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર ૨૦ હજાર કરોડનો ખર્ચ કરાશે
- ન્યૂટ્રીશિયન પર ભાર આપવામાં આવશે. મિશન પોષણ ૨.૦ શરૂ કરવામાં આવશે. વોટર સપ્લાય વધારવામાં આવશે
- નિમોકોક્કલ વેક્સિનને દેશમાં શરૂ કરાશે. આનાથી ૫૦ હજાર બાળકોના દર વર્ષે જીવ બચાવી શકાશે
- શહેરી વિસ્તારોમાં જળ-જીવન મિશન શરૂ કરવામાં આશે. શહેરી સ્વચ્છ ભારત મિશન પર ૧.૪૮ લાખ કરોડ ૫ વર્ષમાં ખર્ચ કરાશે
- ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રીમાં રોજગારને પ્રોત્સાહન આપવા માટે મેગા ટેક્સટાઈલ પાર્ક સ્કીમ લાવવામાં આવશે. તેમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે. ૩ વર્ષમાં આ રીતના ૭ પાર્ક બનાવાશે.

## કોઈ રાહત નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પીચમાં જણાવ્યું હતું કે સરકાર ૨૦૨૧-૨૨માં ખાનગીકરણ દ્વારા ૧.૭૫ લાખ કરોડ ઉભા કરવાનો ટાર્ગેટ ધરાવે છે. સાથે જ ૨૦૨૧-૨૨માં એલઆઈસીનો આઈપીઓ આવશે, તેમજ બે સરકારી બેંકોનું ખાનગીકરણ થશે તેવું પણ તેમણે જણાવ્યું હતું.

૧૦૦ નવા શહેરોમાં ગેસનું પાઈપલાઈન દ્વારા વિતરણ કરવામાં આવશે. વીજળી ક્ષેત્ર માટે ૩.૦૫ લાખ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા છે. ૨૦૦૦ કરોડ રુપિયાના રોકાણ સાથે સાત બંદરોનો પીપીપી ધોરણે વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત, ૧૮ હજાર કરોડ રુપિયાના ખર્ચે પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે બસો ખરીદવામાં આવશે. રેલવે માટે સરકારે ૧.૧૦ લાખ કરોડ ફાળવ્યા છે, જેમાંથી ૧.૦૭ લાખ મૂડી ખર્ચ

પેટે ફાળવાયા છે. આ ઉપરાંત, જલ જીવન મિશન માટે ૨.૮૭ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે.

બંગાળમાં સરકાર ૨૫ હજાર કરોડ રુપિયાના ખર્ચે ૬૭૫ કિમી લાંબો હાઈવે બનાવશે. આ ઉપરાંત, તમિલનાડુ, કેરળ અને અસમમાં પણ હાઈવે પ્રોજેક્ટ્સ જાહેર કરવામાં આવ્યા છે. સરકાર આ વર્ષે ૧૧ હજાર કિમી લંબાઈનું નેશનલ હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માગતી હોવાનું પણ નાણાંમંત્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત, આગામી ત્રણ વર્ષમાં દેશમાં સાત નવા ટેક્સ્ટાઈલ પાર્ક પણ ઉભા કરાશે. આ વખતના બજેટમાં જૂના વાહનો માટે સરકારે સ્ક્રેપ પોલિસીની દરખાસ્ત કરી છે. જેમાં ખાનગી વપરાશમાં લેવાતા વાહનોનું ૨૦ વર્ષ બાદ અને કોમર્શિયલ વાહનોનું ૧૫ વર્ષ બાદ ફિટનેસ સર્ટિ લેવાનું રહેશે, અને તે ના મેળવી શકનારા વાહનોને સ્ક્રેપ કરવામાં આવશે. આ દરખાસ્તથી ઓટો કંપનીઓના શેર્સમાં ઉછાળો આવ્યો હતો.

આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ કેટલાક સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. જેમાં ૧૫ હજાર સ્કૂલોને નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ આધુનિક બનાવવાનો પ્રસ્તાવ પણ સામેલ છે. આ ઉપરાંત, દેશમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલો ખોલવાનો પણ સરકારે ઈરાદો વ્યક્ત કર્યો છે.

આંદોલન પર બેઠેલા ખેડૂતો માટે સરકારે આ બજેટમાં કંઈ ખાસ જાહેરાત નથી કરી. ખેડૂતોને અપાતી ક્રેડિટને વધારીને ૧૬.૫ લાખ કરોડ કરવાનો પ્રસ્તાવ મૂકાયો છે. સાથે જ સ્જીઁ પર ખરીદી હાલની કિંમતો પર ચાલુ રહેશે તેવું પણ નાણાંમંત્રીએ જણાવ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘઉંની ખરીદીમાં સરકારે ૨૦૨૦-૨૧માં ૭૫ હજાર કરોડ ખર્ચ્યા હતા ૪૩.૩૬ લાખ ખેડૂતોને થયો તેનો ફાયદો થયો, ચોખાની ખરીદીમાં ૧.૭૨ લાખ રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

## તખ્તાપલટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતાઓને લઈ જવાયા. મયોએ આશંકા વ્યક્ત કરી છે કે તેમની પણ જલદી અટકાયત થઈ શકે છે. આ ઉપરાંત સેનાએ એક વર્ષ માટે કટોકટી પણ લાગુ કરી છે.

મ્યાન્મારની સેનાએ એક વર્ષ માટે કટોકટી લાગુ કરી દીધી છે. મ્યાન્માર સૈન્ય ટેલિવિઝનનું કહેવું છે કે સેનાએ એક વર્ષ માટે દેશ પર નિયંત્રણ કર્યું છે અને સેનાના કમાન્ડર ઈન ચીફ મિન આંગ હાઈંગ પાસે સત્તા જાય છે.

મ્યાન્માર સેનાનું કહેવું છે કે ચૂંટણીમાં ફ્રોડના જવાબમાં તખ્તાપલટની કાર્યવાહી કરાઈ છે. આ તખ્તાપલટ સાથે જ દેશના અલગ અલગ ભાગોમાં સેનાની ટુકડીઓ તૈનાત કરાઈ છે. મ્યાન્મારના મુખ્ય શહેર યાંગૂનમાં સિટી હોલ બહાર સૈનિકોની તૈનાતી કરાઈ છે. જેથી કરીને તખ્તાપલટનો કોઈ વિરોધ ન કરી શકે. અત્રે જણાવવાનું કે મ્યાન્મારમાં એક લાંબા સમય સુધી આર્મીનું રાજ રહ્યું છે. વર્ષ ૧૯૬૨થી લઈને વર્ષ ૨૦૧૧ સુધી દેશમાં સૈન્ય શાસન રહ્યું છે. વર્ષ ૨૦૧૦માં મ્યાન્મારમાં સામાન્ય ચૂંટણી યોજાઈ અને ૨૦૧૧માં મ્યાન્મારમાં નાગરિકો દ્વારા ચૂંટાયેલી સરકાર બની. જેમાં જનતાએ ચૂંટેલા પ્રતિનિધિઓને રાજ કરવાની તક મળી.

અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત અનેક દેશોએ તખ્તાપલટ પર ચિંતા વ્યક્ત કરી છે અને મ્યાન્મારની સેનાને કાયદાનું સન્માન કરવાની અપીલ કરી છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા જેન સાકીએ કહ્યું કે બર્માની સેનાએ સ્ટેટ કાઉન્સિલ આંગ સાન સૂ કી અને અન્ય નાગરિક અધિકારોની ધરપકડ સહિત દેશના લોકતાંત્રિક સંક્રમણને ઓછું કરવા માટે પગલાં લીધા છે. સેનાને ચેતવણી આપતા અમેરિકાએ કહ્યું કે સંયુક્ત રાજ્ય અમેરિકાએ હાલમાં ચૂંટણી પરિણામો બદલાવવા કે મ્યાન્મારના લોકતાંત્રિક વ્યવસ્થાને બાધિત કરવાના કોઈ પણ પ્રકારના પ્રયત્નનો વિરોધ કર્યો છે અને જો આ તખ્તાપલટ ખતમ ન થયું તો જવાબદાર લોકો વિરુદ્ધ કાર્યવાહી થશે.